SEAT No.________

[28]

No. of Printed Pages: 02

# SARDAR PATEL UNIVERSITY

**SYBA Examination, 3rd Semester**

**Monday, Date: 20-6-2022**

**Morning Session Time: 12-00 PM To 2-00 P.M**

**Subject Code: UA03SGUJ21 Paper No. 21**

**Subject: ગુજરાતી Title: ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ**

Total Marks: 70

પ્ર. ૧. નીચેનામાંથી કોઈ <u>બે</u> પ્રશ્નના વિગતે જવાબ લખો: (૪૦)

૧. સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેનો સંબંધ દર્શાવી, સામ્ય-ભેદ નિર્દેશો.

૨. પત્રકારત્વનાં વિવિધ સ્વરૂપો વિશે નોંધ લખો.

૩. ફીચરલેખની વ્યાખ્યા આપી, એને અન્ય વિભાગો સાથે તુલવો.

૪. લેખ એટલે શું? લેખના વિષયો વિશે નોંધ લખો.

પ્ર. ૨. નીચેનામાંથી કોઈ <u>બે</u> ટૂંકનોંધ લખો: (૩૦)

૧. ફોટો પત્રકારત્વ

૨. લેખકની સજ્જતા

૩. નીચેના પરિચ્છેદનો ગુજરાતીમાં અનુવાદ કરો:

**विश्व के दो महायुद्ध, भारत -पाकिस्तान युद्ध, भारत -चीन युद्ध तथा आज जिसके परिणाम विश्व की जनता भुगत रही है वह इराण - इराक युद्ध, सभी की जड़ है - राजनीतिज्ञ की मानसिकता । इसीलिए कहा जाता है कि युद्ध की उपज व्यक्ति की मानसिकता में होती है । इराण - इराक युद्ध सद्दाम हुसेन के मन में ही उपजा था । अपनी स्वार्थ -सिद्धि तथा लोलुपता के लिए उन्होंने युद्ध का निर्माण किया ।**

**राजनीतिज्ञों के अविवेक और स्वार्थ के कारण युद्ध खेले जाते हैं, परंतु उसका भीषण दुष्परिणाम जनता को भुगतना पड़ता है , इसलिए युद्ध को नकार दियाहै । युद्ध विशेष परिस्थितियों में आवश्यक भी होते हैं । यदि बाह्य आतंकवादी और आक्रमणकारियों ने हमला किया तो जनता की रक्षा करने के लिए और आक्रमणकरियों के विनाश के लिए युद्ध अनिवार्य हो जाता है ।**

(પાછળ, પૃ-૨ ઉપર)

૪. નીચેના પરિચ્છેદનો હિન્દીમાં અનુવાદ કરો:

ગુજરાતી ભાષા અને સાહિત્ય કેટલાં તો સમ્મૃદ્ધ છે એ જોવા-તપાસવા માટે તમારે એ ભાષા અને સાહિત્યની નિકટ આવવું પડે. છેક નરસિંહ મહેતાથી શરૂ કરીને આજે લખતા નવોદિત કવિ, વાર્તાકાર કે નવલકથાકારનાં સાહિત્યનો રસાસ્વાદ કરવો પડે. પદ્યની સાથે ગદ્યમાં થયેલો ગુજરાતી સાહિત્યની વિકાસ તપાસવો-ચકાસવો પડે. એનાં રસસ્થાનો જાણવાં-માણવાં પડે. વિધવિધ વિષયો ને વિધવિધ સ્વરૂપોમાં થયેલું ખેડાણ ખૂંદવું પડે. ગુજરાતીમાં આલેખાયેલા નવેય રસને આસ્વાદી, અર્થના ઊંડાણને તાગવું પડે ને ભાવની ઊંચાઈને તાકવા પડે; તો જ તમે ગુજરાતી સાહિત્ય વૈભવને ખરા અર્થમાં પામી શકો.

એક જ કવિના વિવિધ વિષયો ને અવનવી અભિવ્યક્તિને જોવા-તપાસવાની મજા કઈ ઓર છે! તમે નરસિંહ જ લો: અધ્યાત્મની ઊંચાઈને આંબતો આ ભક્તકવિ એમના પ્રારંભિક તબક્કામાં શ્રૃંગાર – સંભોગ શૃંગાર – નાં જે અપૂર્વ અને અનન્ય પદો આપે છે એ જોઈને આપણે વિમાસણમાં જ પડી જઈએ! કવિ કલાપીનાં કાવ્યોમાં વ્યક્ત ઇશ્કે મિજાજી અને ઇશ્કે હકીકીનાં વિવિધ રંગો જુદો જ અનુભવ કરાવે. મણિલાલ દ્વિવેદીનું આત્મવૃતાંત એમના અન્ય સાહિત્યના અભ્યાસુને આંચકો આપે. કનૈયાલાલ મુનશીની આત્મકથા અને નવલકથાના નાયકોને તપાસો તો જે સંયતો જોવા મળે એવું જ કઈક રાવજી પટેલ કે રમેશ પારેખનાં કાવ્યોમાં અનુભવાય. – આ વૈવિધ્યો એ જ તો ગુજરાતી ભાષા અને સાહિત્યની સાચી ઓળખ છે.

—X—